# <u>વેચાણ દસ્તાવેજ</u>

આજરોજ સંવત ૨૦૭૩ ના વરસે ભાદરવા વદ – ૧૦ ને શુક્રવાર તા. ૧૫ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૭ ના અંગ્રેજી દિને...

મોજે ગામ આણંદ, તા.જી.આણંદના રે.સ.નં. ૨૬૪૩+૨૬૪૪+૨૬૪૨ પૈકી હેક. ૧–૬૭–૯૪ આરે પૈકી પુર્વ બાજુની હે. ૦–૫૦–૩૮ આરે વાળી બીનખેતીલાયક જમીન પૈકી ૨/૩ પ્રમાણેની વણવહેંચાયેલ હિસ્સાની એટલે કે હે. ૦–૩૩–૫૮.૬૬ આરે (૩૩૫૮.૬૬ ચો.મી.) વાળી જમીનમાં પાડવામાં આવેલા પ્લોટો પૈકી સબ પ્લોટ ....... જેનુ કુલ ક્ષેત્રફળ ............ ચો.મી. છે તે પ્લોટનો વેચાણ દસ્તાવેજ રૂા. .................. પુરાનો...

**<u>વેચાણ દસ્તાવેજ લખાવી લેનાર યાને વેચાણ રાખનાર :–</u>**

(જેમને હવે પછી આ વેચાણ દસ્તાવેજમાં "તમો વેચાણ રાખનાર" એ રીતે સંબોધવામાં આવ્યા છે જેના અર્થમાં તમો વેચાણ રાખનાર તથા તમારા વંશ વાલી વારસો, સકસેસરો, એસાઈનીઓ, ટ્રાન્સફરીઓ, ઈત્યાદી તમામનો સમાવેશ કરવામાં આવ્યો છે.)

તે જોગ, **<u>આ દસ્તાવેજ લખી આપનાર યાને વેચાણ આપનાર :–</u>**

મુસ્તાકભાઈ અનવરભાઈ વહોરા, ઉ.વ.આ.૩૭, ધંધો. ખેતી–વેપાર,
રહે. ૪૦૪, પાર્ક એવન્યુ, બરોડા પીપલ્સ સોસાયટી, ફતેગંજ, વડોદરા,
તા.જી.વડોદરા. (પાનકાર્ડ નં.એ.એ.ડબલ્યુ.પી.વી. ૩૫૭૯ કે)

(જેમને હવે પછી આ વેચાણ દસ્તાવેજમાં "અમો વેચાણ આપનાર" એ રીતે સંબોધવામાં આવ્યા છે જેના અર્થમાં અમો વેચાણ આપનાર તથા અમારા વંશ વાલી વારસો, સકસેસરો, એસાઈનીઓ, ટ્રાન્સફરીઓ, ઈત્યાદી તમામનો સમાવેશ કરવામાં આવ્યો છે.)

તે જત અમો તમોને આ વેચાણ દસ્તાવેજ લખી આપીએ છીએ તે મિલકત રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ અને સબ ડીસ્ટ્રીકટ આણંદના મોજે ગામ <u>આણંદ</u> માં આવેલ પ્લોટની વિગત :–

મોજે ગામ આણંદ, તા.જી.આણંદના રે.સ.નં. ૨૬૪૩+૨૬૪૪+૨૬૪૨ પૈકી હેક. ૧-૬૭-૯૪ આરે પૈકી પુર્વ બાજુની હે. ૦-૫૦-૩૮ આરે વાળી બીનખેતીલાયક જમીન પૈકી ૨/૩ પ્રમાણેની વણવહેંચાયેલ હિસ્સાની એટલે કે હે. ૦-૩૩-૫૮.૬૬ આરે (૩૩૫૮.૬૬ ચો.મી.) વાળી જમીનમાં પાડવામાં આવેલા પ્લોટો પૈકી સબ પ્લોટ ....... જેનુ કુલ ક્ષેત્રફળ ............ ચો.મી. છે જે પ્લોટ તમોને વેચાણ આપેલ છે તે પ્લોટના ખુંટની વિગત :-

પુર્વે :

પશ્ચિમે :

ઉત્તરે :

દક્ષિણે :

ઉપરોકત ચાર ખુંટ વચ્ચે આવેલ પ્લોટને લગતા તમામ પ્રકારના હકકો ઈલાખાઓ સહીત અમોએ તમોને વેચાણ આપેલ છે. સદર પ્લોટ તમોને વેચાણ આપેલ છે તે સિવાય બીજા કોઈને ગીરો, બક્ષીસ, વેચાણ બાનાખત કે અન્ય કોઈ કરારથી લખી આપેલ નથી સદર પ્લોટ અંગે કોઈ હેલો હરકત કે દરદાવો અંતરાય કરતા આવે તો તે આ લેખથી રદબાતલ છે.

સદર પ્લોટ અમોએ કોઈપણ બેંકમાં તારણમાં કે ઈકવીટેબલ મોરગેજમાં મુકેલ નથી કે ધિરાણના બોજામાં મુકેલ નથી કે જામીનગીરીમાં મુકેલ નથી. સદર પ્લોટ અંગે કોઈ કોર્ટ કચેરીમાં કોઈ કેસ, દર દાવો ચાલતા નથી કે પેન્ડીંગ નથી કે દાખલ થયેલા નથી સદર પ્લોટ તદ્દન બોજા રહીત કલીયર છે તેવો પાકો વિશ્વાસ અને ભરોસો આપીને પ્લોટ તમોને વેચાણ લખી આપી તેની વેચાણ કિંમતના રૂા. ...................... અંકે રૂપીયા ..............................પુરા નકકી કરેલ છે જે વેચાણ અવેજની રકમ અમો વેચાણ આપનારને તમો વેચાણ રાખનાર પાસેથી નીચે મુજબ મળી ગયેલ છે.

જેથી હવે પછી તમો વેચાણ રાખનાર પાસેથી કોઈપણ જાતનો અવેજ લેવાનો બાકી રહેતો નથી.

સદરહુ પ્લોટ તમોને વેચાણ લખી આપી તેના તમોને યાવત ચંદ્ર દિવા કરો, ચાંદો સુરજ તપે ત્યાં સુધીને માટે આકાશથી તે પાતાળ સુધીને માટે વેચાણ લખી આપી તેના તમોને કુલ સ્વતંત્ર માલીક અને કબજેદાર ઠરાવ્યા છે.

સદરહુ જમીનની બીનખેતીની પરવાનગી મે. કલેકટર સાહેબ, આણંદના હુકમ નં. જમન–૧/એન.એ./એસ.આર./૬૫/૨૪૧/૨૦૧૫–૧૬/વશી/૪૦૭ થી ૪૧૬ તા. ૧૩/૧/૨૦૧૬ થી બીનખેતીની પરવાનગી મળેલ છે.

એ રીતે ઉપરોકત પ્લોટ ઉપર અમો વેચાણ આપનારનો કોઈપણ પ્રકારનો હકક દાવો હીસ્સો, હીત, સબંધ રહયો નથી અને કરીએ કરાવીએ તો તે આથી દબાતલ છે અને હવેથી તમો તેનો વિશેષધારા સાથે જે સરકાર ધારો ભરવો પડે તે ભરી તમો બાંધકામ કરો કરાવો તેમાં વસો વસાવો યા માલીકી હકકે મનગમતો ઉપયોગ કરો કરાવો તેમાં અમો વેચાણ આપનારનો કોઈ હકક દાવો રહયો નથી અને કરીએ કરાવીએ તો તે આથી રદબાતલ છે.

સદર પ્લોટને કોઈ કશી પ્રકારે હેલો હરકત કે દર દાવો અંતરાય અટકાવ કરતુ આવે તેનો જવાબ અમો વેચાણ આપનાર તમો રાખનારની તરફેણમાં કરી આપવા બંધાયેલા છીએ.

સદર પ્લોટને લગતા આજદીન સુધીના તમામ પ્રકારના ટેક્ષ, વેરા, મહેસુલ તથા અમો વેચાણ આપનારે ભરેલ છે અને હવે પછીના ટેક્ષ વેરા, મહેસુલ તમો વેચાણ રાખનારે ભરપાઈ કરવાનું રહેશે.

આ પ્લોટ તમો વેચાણ રાખનારને નામે માલીકી હકકે ચઢાવવા જરૂરી સહીઓ, અરજીઓ, જવાબો વિગેરે કરી આપવા અમો વેચાણ આપનાર બંધાયેલા છીએ.

આ વેચાણ દસ્તાવેજનો તમામ ખર્ચ જેવો કે સ્ટેમ્પ, રજી. ફી, લખામણી ફી, ટાઈપીંગ ફી વિગેરે ખર્ચ તમો વેચાણ રાખનારે ભોગવેલો છે.

સરકારશ્રીની જંત્રી મુજબનો સ્ટેમ્પ પેપર વાપરેલ છે.

આ વેચાણ દસ્તાવેજ અમોએ અમારી રાજીખુશીથી તથા વાંચી, વિચારી, સમજીને કોઈના કશી પ્રકારના ધાક – ધમકી કે દબાણ વગર લખી આપી ચુકતે અવેજ વસુલ કરી લઈને લખી આપેલ છે જે અમો તથા અમારા વંશ, વાલી, વારસો ઈત્યાદીને કબુલ મંજુર અને બંધનકર્તા છે અને રહેશે જે બદલ નીચે સાક્ષીઓ રૂબરૂ સહીઓ મતાં કરેલ છે.

અત્રે...................................મતુ        અત્રે...............................શાખ